ગાંધીનગર-સરખેજ રૂટની શટલીયા જીપો આંતરીક ઝઘડાને લીધે બંધ

ખાનગી વાહનોમાં મુસાફરી કરતા મુસાફરો પરેશાન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સરખેજ હાઈવે પર દરરોજ ઘેટા બકરાની જેમ મુસાફરોને ભરીને બેફામ દોડતા બે સટલીયા જીપ ચાલકોના જુથ વચ્ચે થયેલા આંતરીક ઝઘડાને લઈ આજે ગાંધીનગર-સરખેજ હાઈવે દોડતી સટલીયા જીપો સંપૂર્ણ બંધ રહી હતી. પરિણામે રોજીંદા ખાનગી સટલીયા જીપમાં મુસાફરી કરતા મુસાફરો અટવાઈ પડ્યા હતા અને કલાકો સુધી અંગ દઝાડતા તાપમાં પરશેવે રેબઝેબ થઈ ગયા હતા. જ્યારે એસ.ટી. બસોમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર-સરખેજ હાઈ-વે પર દરરોજ વહેલી સવારથી સાંજ સુધી અસંખ્ય સટલીયા જીપ ચાલકો જીપોમાં ઘેટાબકરાની જેમ ભરીને વિવિધ બસ મથકો અને બસ ડેપોની આગળથી મુસાફરોને લઈ જાય છે. આ સટલીયા ચાલકોમાં મુખ્યત્વે દરબાર અને ભરવાડના બે જૂથો સટલીયા ચલાવે છે. આથી અનેક વખતે મુસાફરોને લઈ જવાની બાબત નાની-મોટી તકરારો થતી આવે છે ત્યારે આજે ફરી એક વખત આ બન્ને જૂથો વચ્ચે થયેલા આંતરીક ઝઘડાને લઈ આજે ગાંધીનગર સરખેજ હાઈવે પર દોડતી અસંખ્ય જીપોના પૈડા સવારથી થંભી ગયા હતા અને દરરોજ ગાંધીનગરથી સરખેજ નોકરી અથવા ધંધા અર્થે જતા અસંખ્ય મુસાફરો આજે માર્ગ પર જ અટવાઈ પડ્યા અને કલાકો સુધી પરસેવો છોડાવતા ખરા તાપમાં વાહનોની રાહ જોવી પડી હતી. અંગ દઝાડતા તાપ અને સટલીયા જીપો ન આવતા મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જ્યારે આજ ગાંધીનગર સરખેજ રૂટની બસોમાં ધસારો જોવા મળ્યો હતો. સટલીયા જીપોન હોવાના કારણેઆજે મુસાફરોએબસમાંઘેટા બકરાની જેમ મુસાફરી કરવી પડી હતી.

ઉલ્લેખનીય છે કે અનેક વખત આ સટલીયા જીપ ચાલકોના આંતરીક ઝઘડા થાય છે. પરંતુ આજે બનેલી આ ઘટના અંગે કોઈ પણ પ્રકારની પોલીસ ફરિયાદ થવા પામી નથી તેમ સૂત્રો પાસેથી માહિતી મળી હતી.

સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજે કૈલાસધામ વૃદ્ધાશ્રમમાં પરશુરામ જયંતિ ઉજવી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરની સ્વૈચ્છિક સંસ્થા સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ અને દરેક સેક્ટરના પ્રતિનિધિઓએ તાજેતરમાં કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી અને મધર્સ ડે તથા પરશુરામ જન્મજયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા, ગાંધીનગરના દરેક સેક્ટરના પ્રતિનિધિઓ તેઓના માતા-પિતા સાથે કૈલાસ ધામ વૃદ્ધાશ્રમ ખાતે સવારથી પહોંચી ગયા હતા અને વૃદ્ધાશ્રમના દરેક વડીલો તથા ખાસ માતાઓની સેવા કરી તેઓની સાથે મધર્સ ડે ની ઉજવણી કરી હતી. સવારે અને સાંજે બન્ને ટાઈમ માતાઓ અને વૃદ્ધ વડીલો સાથે તેઓએ ભોજન લીધુ હતું. સાથે લઈ ગયેલા શાળાના બાળકોને માતા-પિતાની સેવા કરી સાથે રાખી, મધર્સ ડે ની અનોખી ઉજવણી કરવા સંત અવધેશજી મહારાજે જણાવ્યું હતું.

આ પ્રસંગે તેમણે પ્રવચન અને બાળકોને પ્રતિજ્ઞા લેવડાવી હતી. પરશુરામ ભગવાનના ફોટાની પૂજા અર્ચના કરી, પરશુરામ જન્મજયંતિની પણ ઉજવણી કરી હતી. રાત્રી આરતી કરી માતા-પિતાની સેવા કરવાની શક્તિ ઈશ્વર આપે તેવી પ્રાર્થના સાથે મધર્સ-ડે ની ઉજવણી પૂર્ણ કરી હતી. તેમ સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવાના કૌશિક ભટ્ટ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

પત્નીને છૂટાછેડા આપ્યા વગર બીજા લગ્ન કરી પરિણીતા સાથે છેતરપીંડી કરનાર દોલારાણા વાસણાના યુવક સહિત પરિવારજનો વિરૂદ્ધ ફરિયાદ

યુવકે અપરિણીત હોવાના પુરાવા ઉભા કરી અગાઉ બે વખત પરણેલી યુવતી સાથે લગ્ન કર્યા હતા

ગાંધીનગર, તા. ૧૩

પત્નીને છુટેછેડા આપ્યા વગર બીજા લગ્ન કરી પરિણીતા સાથે છેતરપીંડી કરનાર યુવક સામે તેણીએ મહિલા પોલીસમથકે ફરિયાદ નોંધાવી.

ગાંધીનગર નજીક આવેલ દોલારાણા વાસણા ગામે રહેતા સુરેશસિંહ ઉર્ફે સૂરજસિંહ દિલીપસિંહ રાઠોડના લગ્ન તા. ૨૧ એપ્રિલ-૨૦૦૭ના રોજ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી સરગાસણ ગામ હમિરસિંહ વાઘેલાની પુત્રી તેજલબેન સાથે થયા હતા. તેજલે સાસરીમાં સંયુક્ત કુટુંબમાં લગ્નજીવનની શરૂઆત કરી હતી. લગ્નના એકાદ વર્ષ બાદ તેના પતિ સુરેશસિંહના મોબાઈલ ફોન ઉપર અન્ય કોઈ અજાણી મહિલા નામે ગાયત્રી ચૌધરીના અનેક ફોન આવતા હોવાની જાણ થતા તેને આ ફોન અંગે તેના પતિને પુછપરછ કરી હતી આથી ઉશ્કેરાયેલા પતિએ પત્ની તેજલને સાસરીમાં ઝઘડો કરી નાની નાની બાબતમાં તકરારો કરતો હતો. આ સાથે તેણીની સાસુ અને નણંદ પણ સારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. અનેક વાર મારઝુડ કરતા પરિણીત યુવતી આખરે કંટાળી પોતાના પિયરમાં આવી ગઈ હતી.

આ દરમિયાન ફરિયાદી પરિણીતાને જાણ કર્યા વગર તેજલના પતિ સુરેશસિંહ દિલીપસિંહ રાઠોડે દોલારાણા વાસણા ગામની જ અગાઉ બે વખત અન્ય યુવક સાથે લગ્ન કરી ચૂકેલી અને ત્રણ વર્ષની બાળકી પણ ધરાવતી ગાયત્રીબેન ભીખાભાઈ ચૌધરી નામની મહિલા સાથે અપરિણીત હોવાનું કહી પરિણીતા તેજલ સાથે છુટાછેડા આપ્યા વગર ફરી વખત લગ્ન કરી લીધા હતા અને આ પડયંત્રમાં પરિણીતાની સાસુ, અને કાકાજી સસરાએ પણ મદદ કરી હોવાનું બહાર આવ્યું હતું. આથી સાસરીયામાંથી શારીરિક અને માનસિક ત્રાસ આપી તરછોડી મુકાયેલી પરિણીતા તેજલબહેનના પતિ સૂરજસિંહ દિલીપસિંહ રાઠોડ તેની બીજી પત્ની ગાયત્રીબેન ભીખાભાઈ ચૌધરી, સાસુ વસુબા દિલીપસિંહ રાઠોડ અને કાકાજી સસરા રાજેન્દ્રસિંહ રાઠોડ વિરૂદ્ધ ગાંધીનગર મહિલા પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે છેતરપીંડી કરનાર યુવક અને અન્ય પરિવારજનો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધી આ મામલાની વધુ તપાસ હાથ ધરી છે.

જુના કોર્ષનું ૬૪.૪૭ ટકા પરિણામ જાહરે થયું

સૌથી વધુ અમરેલી જિલ્લાનું ૯૬.૧૩ ટકા સૌથી ઓછું વડોદરા જિલ્લાનું ૩૮.૩૭ ટકા પરીણામ

અમદાવાદ, તા. ૧૩

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું આજે જાહેર થયેલું સેમિસ્ટરનું પરિણામ વિક્રમજનક ૯૨.૫૩ ટકારહ્યું છે. આ પરીક્ષાની સાથે માર્ચ ૨૦૧૩માં જુના કોર્ષના વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાં સેમિસ્ટર સિસ્ટમ દબખલ થયા બાદ જે વીદ્યાર્થીઓ નાપાસ થયા હોય અથવા ડ્રોપ લીધો હોય તેવા રિપીટર વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા આપી છે. તેમનું પણ પરીણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. ૬૪.૪૭ ટકા છે.

આજે જાહરે થયેલા ધોરણ ૧૨ના ચારેય સેમિસ્ટરના પરિણામની સાથે સાથે જુના કોર્ષના વીદ્યાર્થીઓનું પરિણામ પણ જારે કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં કુલ રીપીટર વિદ્યાર્થીઓ ૧૦,૯૭૬ નોંધાયા હતા જેમાંથી ૧૦૯૩૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

આજે જાહરે થયેલા પરિણામમાં ૧૦૯૩૭માંથી ૭૧૯૮ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા હતા.આ પરિક્ષામાં એ-૧ ગ્રેડમાં કોઈ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યું નથી.

અ-૨ ગ્રેડમાં ૧, બી-૧માં ૧૨, બી-૨માં ૩૯, સી-૧માં ૧૧૭, સી-૨માં ૧૧૦, ડી ગ્રુપમાં ૬૭૭૩, અન્યમાં ૧૯૪ ગ્રેડપ્રાપ્ત કરેલ છે. જ્યારે ૩૭૩૦ ઉમેદવારો નાપાસ જાહેર થયા છે. કુલ પાસ થયેલા ઉમેદવારો ૧૦૯૩૭ છે. આ પરીક્ષામાં સૌથી વધુ પરીણામ અમરેલી જિલ્લાનું ૯૬.૧૩ ટકા અને જયારે સૌથી ઓછું પરિણામ વડોદરા જિલ્લાનું ૩૮.૩૭ ટકા જાહરે થયું છે.

છઠ્ઠા પગારધોરણનો અંતિમ હપ્તો રોકડમાં ચુકવવા માંગણી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર પેન્શનર્સસમાજ રાજ્ય સરકારના કર્મચારી/પેન્શનરને ૧લી જાન્યુઆરી-૧૩થી મોંઘવારી ભથ્થાનોઆઠ ટકા વધારોકરવોજ તેમજ છઠ્ઠા પગાર ધોરણનોછેલ્લોહપ્તોરોકડમાં ચુકવવાની માંગણી ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના કાર્યકર્તા પ્રમુખશ્રી જયંતભાઈ ભટ્ટ, મહામંત્રી શ્રી કે.ઓ. વ્યાસ પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પટેલે નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સમક્ષ માગણી કરેલ છે.

વિશેષમાં ૧લી જાન્યુઆરી-૨૦૦૬ થી પગાર પંચ પ્રમાણે પગાર ધોરણો સહીતના મંડળોને સંયુક્ત રીતે સ્વીકારેલ છે. તો છેલ્લો હપ્તો ઝડપથી ચુકવવાના આદેશ બહાર પાડવા માંગણી કરેલ છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક મળી

પ્રમુખ તરીકે લવજીભાઈ વાડીઆની વરણી

ગાંધીનગર, તા. ૧૩

જાગૃત નાગરિક પરિષદની સામાન્ય સભા તાજેતરમાં મળી હતી. બેઠકમાં નવા કારોબારી પ્રમુખની વરણી કરવામાં આવી હતી તથા સ્થાનિક જનપ્રશ્નો વિશે ચર્ચા કરી સત્વરે પ્રશ્નોનો હલ લાવવા કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં પાટનગરમાં સળગતા પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા કરવેરા ભરવા બાબતે, ગટર

પાણીના બિલો બાબતે, વીજ બિલોનો ડૂચો વાળીને મકાનના આંગણામાં ફેંકી જવાની ઘોર ઉપેક્ષાવૃત્તિ, સફાઈના પ્રશ્ને ઘોર ઉપેક્ષા અને નિભંર વહીવટ, પોલીસ પેટ્રોલિંગમાં નિષ્કાળજી અને ઉદાસીનતા વગેરે પ્રશ્નો વિશે ચર્ચા વિચારણાને અંતે તે સંબંધમાં યોગ્ય રજૂઆતો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સામાન્ય સભાની પૂર્ણાહુતિ પછી નવી કાર્યવાહક સમિતિની બેઠકમાં ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ ના બે વર્ષો માટે સંસ્થાના પ્રમુખ તરીકે લવજીભાઈ વાડીઆની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી.

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ગુજરાતી મીડીયમ સરગાસણ ગાંધીનગર ૩૪ વિદ્યાર્થીઓનો એ-૨ ગ્રેડમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૧૩

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ગુજરાતી મીડીયમ સરગાસણ ગાંધીનગર ખાતે ધોરણ-૧૨ સાયન્સની પ્રથમ વખત લેવાયેલ સેમેસ્ટર પરીક્ષા પદ્ધતિમાં બેઠેલા તમામ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે અને શાળાએ કુલ ૧૦૦ ટકા પરિણામ મેળવેલ છે. શાળાના પ્રથમ એ-૨ ગ્રેડમાં ૩૪ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવેલ છે. જેમાં પ્રથમ નંબરે ભાવનગરીયા સંકેત નાનજીભાઈ ૯૯.૯૪ પર્સન્ટાઈલ રેન્ક અને ૩૪માં નંબરે રાઠોડ ચિરાગ દેવજીભાઈ ૯૬.૬૬ પર્સનાઈન્લ રેન્ક પ્રાપ્ત કરેલ છે.

સુંદરકાંડ પાઠનું દિલ્હી ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૧૩

કળીયુગમાં ભક્તજનોના આધારસ્તંભ હનુમાનજી મહારાજની સાધનાના પરમ અધ્યાય રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડ સંગીતમય પાઠનું ગૌસ્વામી શ્રી દિલીપભારતી ગુરૂજી અને બાલકિર્તનકાર ગૌસ્વામી હીરલની વ્યાસપીઠે તા. ૧૮મી મે ના રોજ કાત્યાયની મંદિર, છતરપુર દિલ્હી ખાતે ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. સુંદરકાંડ પાઠનું લાઈવ ટેલિકાસ્ટ કાત્યાયની ચેનલ શરૂ કરવામાં આવશે.

દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૩

નલિનીબેન ભૂપતરાય જોષીનો તા. ૧૨મી મે-૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ થતાં સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૬મી મે-૨૦૧૩ને સવારે ૯થી ૧૨ કલાક દરમિયાન જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર ખાતે રાખેલ છે. સ્વ. નલિનીબેન જોષી ૫૬ વર્ષના હતા અને તેઓ ૭૬૨/૨, જાગૃતિ પાર્ક, સેક્ટર-૩૦, ગાંધીનગરમાં નિવાસ કરતા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

રાંધેજા ગ્રામ પંચાયત ખાતે મતદાર સહાયતા કેન્દ્રનો શુભારંભ કરાયો

જિલ્લા કલેક્ટરની ઉપસ્થિતિમાં નવું મતદાર કાર્ડ મેળવનાર ગામની દીકરીના હસ્તે કરાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર (ઉત્તર) વિદ્યાનસભા મતદારા વિભાગમાં સમાવિષ્ટ રાંધેજા, સરઢવ, મોટી આદરજ, વાવોલ અને રૂપાલ ગામ ખાતે આજરોજ અખાત્રીજના શુભદિને મતદાર સહાયતા કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. રાંધેજા ગ્રામ પંચાયતની કચેરી ખાતે જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટની ઉપસ્થિતિમાં ગામની નવું મતદાર ઓળખકાર્ડ મેળવનાર ગામની દીકરીના હસ્તે દીપ-ગટ્ય કરીને મતદાર સહાયતા કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું હતું. મતદાર સહાયતા કેન્દ્ર ખાતે નવા મતદારોમાં પોતાનું ચૂંટણી ઓળખ કાર્ડ મેળવવા માટેનો ઉત્સાહ જોવા મળતો હતો.

ભારતીય ચૂંટણી પંચ, નવી દિલ્હીની સૂચનાથી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા ગ્રામ્ય કક્ષાના મતદારોને પોતાનું ચૂંટણી કાર્ડ સરળતાથી મળી રહે અને અન્ય ચૂંટણી કાર્ડ સબંધિત કામો માટે તાલુકા મથકે ન આવવું પડે તેવા ઉમદા આશયથી ગ્રામ્ય કક્ષાએ મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવી રહ્યાં છે. આ માટે સમગ્ર ગુજરાતમાં મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરતાં પહેલા તેના પાયલોટ ન્રોજેકટ માટે ગાંધીનગર જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર (ઉત્તર) વિદ્યાનસભા મતદાર વિભાગમાં આજરોજ રાંધેજા, સરઢવ, મોટી આદરજ, વાવોલ અને રૂપાલ ગામ ખાતે મતદાર સહાયતા કેન્દ્રનો -રંભ કરવામાં આવ્યો હતો. જેમાં વાવોલ ગામમાં કલોલ -ંત અધિકારી શ્રી હિમાંશુ પટેલ, મોટી આદરજ ગામમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર.મનસુરી, સરઢવ ગામમાં ગાંધીનગર -ંત અધિકારી શ્રી -કાશ મકવાણા અને રૂપાલ ગામમાં જમીન સુધારણાના નાયબ કલેકટર શ્રી ગુણવંતસિંહ સોલંકીના હસ્તે મતદાર સહાયતા કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ ઈ-ગ્રામ મતદાર

સહાયતા કેન્દ્ર ખાતે યુવા મતદારો પોતાના નામની નોંધણી કરાવી શકશે. તેમજ મતદાર યાદીમાં નામ ઉમેરવા, કમી કરવા, મતદાર યાદીમાં સુધારો - વધારો કરવા, મતદાર યાદીમાં એક ભાગ માંથી બીજા ભાગમાં નોંધ ફેરફાર કરવા જેવી કામગીરી માત્ર ૧૦ રૂપિયાના નજીવી ફી આપીને કરાવી શકશે. તે ઉપરાંત ડુપ્લીકેટ મતદાર ચૂંટણી ઓળખ કાર્ડ પણ સરળતાથી મેળવી શકશે. તેના માટે ડુપ્લીકેટ મતદાર કાર્ડના ૨૫ રૂપિયા અને ૧૦/- જેવી નજીવી ફી ભરીને પોતાનું ચૂંટણી ઓળખ કાર્ડ મેળવી શકશે. તે ઉપરાંત મતદાર યાદીમાં પોતાના નામની ચકાસણી માત્ર રૂપિયા ૨/- આપીને કરી શકશે.

રાંધેજા ગામ ખાતે મતદાર સહાયતા કેન્દ્રના શુભારંભ -સંગે જિલ્લા આંકડા અધિકારી શ્રી વી.બી.વેદી, રાંધેજા ગામના સરપંચ શ્રી શોભનાબેન અનંતભાઈ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહયાં હતાં.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૬.૫૯

તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્ટાર ટ્રેક ઈનટુ ડાર્કનેસ (૩ડી) (અંગ્રેજી) : ૯.૧૫, ૫.૦૦, ૧૦.૧૫
છોટા ભીમ : ૧૨.૦૦
આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૨.૧૫
બોમ્બે ટોકીસ : ૭.૪૫

: સ્ક્રીન-૨ :
ગો ગોઆ ગોને : ૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૪.૦૦, ૬.૧૫, ૮.૩૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :
ગીપ્પી : ૯.૩૦, ૧.૩૦, ૬.૦૦
આશિકી-૨ : ૧૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

: સ્ક્રીન-૪ :
શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ
શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ૫ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગો ગોઆ ગોનેઃ ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦
શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
ફોર ટુ કા વન : ૧૦.૦૦, ૫.૦૦
ગીપ્પી : ૧૨.૦૦, ૩.૦૦, ૭.૩૦

ચિરાગ, કલોલ
આશિકી-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : નવા સંબંધ બનશે. શાંતમને કાર્ય કરવું. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

વૃષભ : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

કર્ક : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થસે. વ્યાપાર-દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

સિંહ : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

કન્યા : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : ન્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

ધન : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે. ગૂઢ કાર્યોમાં શોધનો યોગ.

મકર : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

કુંભ : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

મીન : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. નલીનીબેન ચંદ્રકાન્ત મહેતા (ઉ.વ. ૫૬) પ્લોટ નં. ૭૬૨/૨, જાગૃતિપાર્ક, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. ગુણવંતભાઈ પ્રેમશંકર બારોટ (ઉ.વ. ૬૫) બ્લોક નં. ૧૨૦૮ સેકટર-૧૫, ફતેહપુરા, ગાંધીનગર.
- સ્વ. પુરષોત્તમદાસ મણીલાલ ઠાકર (ઉ.વ. ૯૨) બ્લોક નં. ૧૬૯૨/૨, સેકટર-૫/સી, ગાંધીનગર.